RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 207 Date: 18.05.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સપા સરકારના રાજમાં યુપી ગુનામાં ટોપ પર : વડાપ્રધાન



ફતેહપુર,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફતેહપુરમાં ચૂંટણી રેલીમાં સંબોધન કરતા કહ્યું- મેં તમને પહેલા જ કહ્યું હતું કે શહેજાદા કેરળના વાયનાડથી ભાગશે. જુઓ તે ભાગી ગયા કે નહીં. મેં તમને કહ્યું કે તે અમેઠીની તરફ જવાની હિંમત પણ નહીં કરે. સમાચાર પાક્કા નીકળ્યા. હવે વધુમાં સમાચાર એ છે કે કોંગ્રેસે સન્માન બચાવવા માટે મિશન-૫૦ રાખ્યું છે. મોદીએ કહ્યું- કોંગ્રેસ અને સપા બંનેની કુંડળીઓ મળે છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બારાબંકીમાં ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે જો સપા-કોંગ્રેસની સરકાર આવશે તો તેઓ ફરીથી રામ લલ્લાને તંબુમાં મોકલી દેશે. આ લોકો રામ મંદિર પર બુલડોઝર ચલાવશે. તેમણે બુલડોઝર ક્યાં ચલાવવું અને ક્યાં નહીં તે અંગે યોગીજી પાસેથી ટ્યુશન લેવું જોઈએ. પીએમએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે રાયબરેલીના લોકો વડાપ્રધાનને પસંદ કરશે. આ સાંભળીને સમાજવાદી શહેજાદાનું દિલ તુટી ગયું. બસ આંસુ ન નીકળ્યા. જેમ જેમ ચૂંટણીઓ આગળ વધી રહી છે. આ ઈન્ડી લોકો પત્તાની જેમ વિખેરાવા લાગ્યા. સમાજવાદી શહેજાદાએ નવી ફઈની શરણ લીધી છે. આ નવા... બંગાળના છે. ગુરુવારે વડાપ્રધાને યુપીના ૪ શહેરોમાં આઝમગઢ, જૌનપુરી, ભદોહી અને પ્રતાપગઢમાં રેલી કરી હતી. મોદીએ કહ્યું- હવે જયારથી ભાજપની સરકાર આવી છે, ઝડપથી ઘરો બનવા લાગ્યા છે. હવે ભાજપ સરકારે ગામડાઓ અને શહેરોમાં મકાનો બનાવ્યા છે. જેમના મકાનો નથી બન્યા તેમને હું ખાતરી આપું છું કે તે તમામ ગરીબોના ઘર બનાવવામાં આવશે. ફતેહપુર કૌશાંબી અને હમીરપુરના લોકો પોતે સમજી રહ્યા છે કે વિકાસ કેવી રીતે થાય છે. હવે જુઓ, કાનપુર-કોલકાતા હાઈવે ૬ લેન બની રહ્યો છે. દરેક જગ્યાએ વિકાસ થઈ રહ્યો છે અને ભાગ્ય બદલાઈ રહ્યું છે.

મોદીએ કહ્યું- મુલાયમ સિંહ યાદવના પુત્ર હોવાના કારણે મને તેમની પાસેથી અપેક્ષાઓ હતી પરંતુ હું નિરાશ થયો. આ અંગે તમને જણાવું કે જ્યારે હું ૨૦૧૪માં વડાપ્રધાન બન્યો હતો, મેં સપા સરકાર પાસેથી પીએમ આવાસ યોજના બનાવવા માટે યાદી માંગી હતી. પણ તેમણે આપી નહીં. મોદીએ કહ્યું- યુપીમાં પણ સૌથી વધુ મેટ્રો છે. યુપી તમામ યોજનાઓમાં ટોચ પર છે અને વધુ સારું કામ થઈ રહ્યું છે. જ્યારે હું સત્તામાં આવ્યો ત્યારે મને લાગતું હતું કે સપાના શહેજાદા યુપીના ગરીબો માટે કંઈક વધુ સારું કરવાનું વિચારશે. પણ પાછળથી મારી બધી આશાઓ તૂટી ગઈ. શહેજાદાએ ગરીબો માટે કંઈ વિચાર્યું નથી. મોદીએ કહ્યું- તેમના ગઠબંધનના લોકો કહે છે- તેઓ સત્તામાં આવ્યા પછી સનાતન ધર્મનો નાશ કરશે. તમે મને કહો કે શું આ લોકો તમારા એક મતને પણ લાયક છે? તેમને એક પણ મત આપવો જોઈએ? તેમના જામીન પણ જપ્ત કરવા જોઈએ. મોદીએ કહ્યું- તેમના શાસનનો એજન્ડા હતો કે વન ડિસ્ટ્રિક્ટ, વન માફિયા. આ લોકો આખો જિલ્લો એક માફિયાને આપી દે છે. હત્યા અને હિંસા શરૂ થાય છે. તેઓ ખંડણી વસુલે છે. બહેન-દીકરીઓ ઘરની બહાર નીકળવાનું બંધ થઈ જાય છે. તમે લોકોએ એ દિવસો જોયા હશે. પણ જયારથી યોગી અને આપણા કેશવજીની સરકાર આવી છે. ત્યારથી આ માફિયા માફી માંગીને નાસતો ફરતો હતો.

# ચારધામ યાત્રા અંગે ઉત્તરાખંડ સરકારનો મહત્ત્વનો નિર્ણય, હવે ૩૧મી મે સુધી VIP દર્શન બંધ



ચારધામ યાત્રા પર ભીડ વધવાના કારણે ઉત્તરાખંડ સરકારે મોટો નિર્ણય લીધો છે. ઉત્તરાખંડ સરકારે ૩૧મી મે સુધી વીઆઈપી દર્શન પર પ્રતિબંધ મુકાયો છે. આ સાથે હરિદ્વાર અને ઋષિકેશમાં ઓફલાઈન રજીસ્ટ્રેશન ૧૯મી મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચારધામ યાત્રા ૧૦મી મેના રોજ શરૂ થઈ હતી. મુખ્ય સચિવ રાધા રાતુરીએ ૩૧મી મે સુધી ફૈં દર્શન પર પ્રતિબંધ મૂકતો પત્ર જાહેર કર્યો છે. આ ઉપરાંત સરકારે ચારધામના સરળતાથી દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરી દીધુ છે. હવે જે દિવસે રજીસ્ટ્રેશન થયું છે તે જ દિવસે દર્શન થશે. આ પહેલા ૩૦મી એપ્રિલે રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને ૨૫મી મે સુધી વીઆઈપી દર્શનની વ્યવસ્થા રોકવાનો આદેશ આપ્યો હતો. અગાઉ મુખ્ય સચિવ રાધા રાતુરીએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓને સૂચના આપી હતી કે, યાત્રા પર આવનારા ભક્તો મંદિરની ૨૦૦ મીટરની ત્રિજયામાં વીડિયો બનાવી શકશે નહીં કે મોબાઈલનો ઉપયોગ પણ કરી શકશે નહીં. જો કોઈ મોબાઈલનો ઉપયોગ કરતું જોવા મળશે તો પોલીસ તેને રોકશે તેમજ તેની સામે કાર્યવાહી પણ થઈ શકે છે.

# ૯૪.૧૮ લાખના સાયબર ફ્રોડ કેસમાં પકડાયેલા ૧૭ આરોપીઓ જેલ ભેગા




એન્જલ-વન નામની ઓનલાઈન એપ્લિકેશન દ્વારા શેર બજારમાં લાખો રૂપિયાનો નફો કમાવવાની લાલચ આપીને ખાનગી કંપનીના પૂર્વ અધિકારીને રૂ.૯૪.૧૮ લાખનો ચુનો ચોપડનાર ૧૭ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.સનફાર્મા રોડ ઉપર વેંદાંત ડૂપ્લેક્સમાં રહેતા મૂળ આંધ્રપ્રદેશના રામાક્રિષ્ણા બેડુદુરીએ ફેસબૂક પર શેર માર્કેટમાં ઈન્વેસ્ટ કરી રૂપિયા કમાઓની જાહેરાત જોઈને તેના પર ક્લિક કરતા તેમને એક વોટ્સએપ ગૃપમાં એડ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ ઠગોએ અલગ અલગ કંપનીઓના એકાઉન્ટમાં કુલ રૂ.૯૪.૧૮ લાખ જમા કરાવ્યા હતા. જેની સામે ૧૧.૨૬ કરોડનું બેલેન્સ પ્રોફિટ સહિત બતાવતું હતું. પરંતુ આ રકમ ઉપાડી શકાતી ન હતી. આ રકમ ઉપાડવા માટે પણ ૩% લેખે ૩૩ લાખની માંગણી કરવામાં આવતી હતી જેથી ફરિયાદીએ સાયબર સેલને જાણ કરી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમ પોલીસે વડોદરાના જ ૧૭ આરોપીઓની ધરપકડ કરી તમામને બે દિવસના રિમાન્ડ પર લીધા હતા.

૧૭ આરોપીઓમાંથી ૧૧ આરોપીઓ એકાઉન્ટ હોલ્ડર, જ્યારે બાકીના ૬ એજન્ટો હતા. આ એજન્ટો તેના માસ્ટર માઈન્ડના ઈશારે કામ કરતા હતા. એજન્ટોને પાંચ લાખના ટ્રાન્ઝેક્શન ઉપર ૭ હજાર જ્યારે એકાઉન્ટ હોલ્ડરોને પાંચ હજારનું કમિશન અપાતુ હતું. તેમના રિમાન્ડ પુરા થતા આજે કોર્ટે તમામ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે મુંબઈ સ્થિત જર્મન કોન્સ્યુલ જનરલશ્રી અચિમ ફેબિગ





મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી.મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી.જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી.ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેન્ક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.ગિફ્ટિસટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન?સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન?સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી.

તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન?સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન?ડ એમ્પ્લોયમેન?ટ ડિપાર્ટ્મેન?ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું.જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી.આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં છેં, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજ્યોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી.ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે.હૈદર, મુખ્યમંત્રીશ્રીનાં સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તથા ઈન્ડેક્સ-બીના એમ.ડી. શ્રી ગૌરાંગ મકવાણા આ સૌજન્ય મુલાકાતમાં જોડાયા હતા.

# ધોરણ ૧૦-૧૨ની પરીક્ષામાં કોપી કેસઃ ૨૨૫ વિદ્યાર્થી દોષમૂક્ત, પાંચનું પરિણામ રદ

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીઓ સામે બોર્ડ દ્વારા પગલા લેવામાં આવ્યા હતા. ત્યારે રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં કોપી કેસની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે, તો કેટલાક વિદ્યાર્થીઓને દોષમૂક્ત કરી દેવામાં આવ્યા છે અને ગંભીર ગુનામાં ઝડપાયેલા વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરી દેવામાં આવ્યું છે.

પરીક્ષા પૂર્ણ થયા બાદ સીસીટીવીની ચકાસણી દરમ્યાન શંકાસ્પદ કોપી કેસની વિગતો બોર્ડને મોકલવામાં આવી હતી. જેમાં કોપી કેસ કરતા વિદ્યાર્થીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપાધ્યક્ષ ડી.એસ પટેલે જણાવ્યું કે ધોરણ ૧૦માં બોર્ડની પરિક્ષામાં ૫૩૮ વિદ્યાર્થીઓ ગેરરીતી કરતા ઝડપાયા હતા. જેમાંથી ૨૦૩ વિદ્યાર્થીઓને સીસીટીવી ચકાસણીના આધારે દોષમુક્ત કરાયા, જયારે ૨૦૪ વિદ્યાર્થીઓને જે તે વિષય બાકાત રાખી પૂરક પરીક્ષાને પાત્ર ઠેરવ્યા છે. સમગ્ર પરિણામ રદ કર્યું હોય તેવા ૩ વિદ્યાર્થીઓ છે. મોબાઈલ અને ડમી ઉમેદવાર બેસાડ્યા હોય તેવા ૫ વિદ્યાર્થી છે, જે ગંભીર ગુનામાં આગામી બે વર્ષ સુધી પરીક્ષા નહીં આપી શકે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૨૩૮ વિદ્યાર્થીઓ ગેરીરીતીમાં પકડાયા, જેમાં સીસીટીવીના આધારે ૨૨ વિદ્યાર્થીઓને દોષમુક્ત કરાયા, બોર્ડ દ્વારા પુરક પરિક્ષાને પાત્ર હોય તેવા ૨૦૯ વિદ્યાર્થીઓ, સમગ્ર પરિણામ રદ કરાયું હોય તેવા ૨ વિદ્યાર્થીઓ, જયારે ગંભીર ગુનામાં બે વર્ષ સુધી પરીક્ષા નહીં આપી શકે તેવા ૬ વિદ્યાર્થીઓ છે. ધોરણ ૧૨ સાયન્સ પરીક્ષામાં ૧૯ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતા પકડાયા, જે પૈકી ૧ વિદ્યાર્થીને સીસીટીવીના આધારે દોષમુકત કરાયો છે.

## *આજનો વિચાર*

**જોડે હોવાની કિંમત ત્યારેજ થાય છે જ્યારે એ આપણા થી દુર હોય છે..એટલેજ તો ખોવાયેલ વ્યક્તિ કે વસ્તુ એ આપણને ખુબજ ગમતી હોય છે વ્હાલા..**

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

# પીઓકેમાં ઉકળાટ

એ જોવું ઉલ્લેખનીય છે કે જ્યારે ભારતીય કાશ્મીરમાં લોકો મતદાન માટે મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે, ત્યારે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં અશાંતિ અને ઉપદ્રવને કારણે હાલત બેકાબૂ થઈ રહી છે. આ સ્થિતિ દેશના લોકોએ જોવી જોઈએ, સાથે જ દુનિયાએ પણ જોવી જોઈએ અને તેની નોંધ લેવી જોઈએ. ભારતે પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરની બગડતી હાલત અને ત્યાં થઇ રહેલ લોકોના દમન પ્રત્યે વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવું જોઈએ. ત્યાંની સ્થિતિઓને વિશ્વ મંચો પર ઉઠાવવામાં એટલા માટે સંકોચ ન કરવો જોઈએ, કારણ કે પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાવાળું જમ્મુ-કાશ્મીર ભારતનો જ ભૂભાગ છે અને સંસદમાં એ આશયથી એક સંકલ્પ પણ પસાર કરી દેવાયો છે કે આ હિસ્સાને હાંસલ કરવામાં જ આવશે. આ દૃષ્ટિએ ભારતનો એ નૈતિક અને બંધારણીય અધિકાર છે કે તે પોતાના આ ભૂભાગમાં લોકોના દમન અને ઉત્પીડન વિરુદ્ધ અવાજ ઉઠાવે. એવું એટલા માટે પણ કરવું જોઈએ, કારણ કે એક તો ત્યાંના લોકો ભારતની મદદની અરજ કરી રહ્યા છે અને બીજું, પાકિસ્તાને એવો માહોલ બનાવ્યો છે કે તેને ભારતીય કાશ્મીર મામલે બોલવાનો અધિકાર છે. તે જ્યારે-ત્યારે ભારતીય કાશ્મીરને લઈને વિશ્વ મંચો પર બોલતું પણ રહે છે. આ જ યોગ્ય સમય છે કે પાકિસ્તાનને આઈનો દેખાડવામાં આવે. એના પર ચોતરફી દબાણ ઊભું કરવાનો આ ખરો સમય છે, કારણ કે તે ભારતીય કાશ્મીરમાં દખલ કરવાની પોતાની ટેવ છોડતું નથી.

ભારતે પેલી પારના કાશ્મીરના લોકોને એ સંદેશ સતત આપવો જોઈએ કે તેમનું હિત ભારત સાથે જોડાવામાં છે. ત્યાં માનવાધિકારોનું જેવું નિર્મમતાથી દમન કરવામાં આવી રહ્યું છે, તેને એટલા માટે ઉજાગર કરવું જોઈએ કે જેથી દુનિયાને ખબર પડે કે પાકિસ્તાન પોતાના ગેરકાયદે કબ્જાવાળા જે વિસ્તારને આઝાદ કાશ્મીર કહે છે, ત્યાંના લોકો ગુલામો જેવું જીવન જીવી રહ્યા છે. પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિઓ કેટલી ખરાબ છે, તેની ખબર એ પરથી પડે છે કે ત્યાં જ્યારે પોલીસથી હાલત સુધરી ન શકી અને તેને લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો તો ત્યાં સેના ઉતારવી પડી. એનાથી પણ વાત બનતી દેખાતી નથી, કારણ કે લોકો મોંઘવારીની સાથે સાથે અત્યાચારોથી પણ કંટાળી ગયા છે અને એ જાણી ગયા છે કે કાશ્મીરીઓના હિતેચ્છુ બનવાની આડમાં પાકિસ્તાન કઈ રીતે તેમનું શોષણ કરી રહ્યું છે. ત્યાંના લોકો એ પણ જોઈ રહ્યા છે કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ ભારતીય કાશ્મીરમાં કઈ રીતે હાલત ઝડપતી સુધરી રહી છે અને તે પાકિસ્તાનના શાસન અંતર્ગત કેવી રીતે બીજા દરજ્જાના નાગરિક બની ગયા છે. તેમની માત્ર દરેક સ્તરે ઉપેક્ષા જ નથી થઈ રહી, બલ્કે તેમના સંસાધનોનું દોહન કર્યા બાદ પણ તેમનેવ કિસથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

# મહુડી મંદિરમાંથી ૧૩૦ કિલો સોનાની ચોરી સાથે ૧૪ કરોડની ઉચાપત કર્યાનો ટ્રસ્ટીઓ પર આક્ષેપ

મહેસાણા,તા.૧૭

ઉત્તર ગુજરાતમાં આવેલુ મહુડી તીર્થ દેશ અને વિદેશમાં પ્રખ્યાત છે. મહુડી ટ્રસ્ટની ૧૦૦ વર્ષ પહેલા ચાર પરિવારની સાથે રાખી સ્થાપના કરવામાં આવી હતી. બે મહેતા એક શાહ અને એક વોરા પરિવારને ટ્રસ્ટી બનાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૬ માં નોટબંધી કરવામાં આવી હતી, જેમાં આ બંને પરિવાર ભુપેન્દ્ર વોરા અને કમલેશ મહેતાએ કૌભાંડ કર્યા હતા. મહુડી ટ્રસ્ટના આ બંને લોકોએ મંદિરને આર્થિક નુકશાન અને કૌભાંડ કર્યા છે. ત્યારે આ બંને ટ્રસ્ટીઓ દ્વારા મંદિર ટ્રસ્ટને દાનમાં મળેલા ૧૪ કરોડ ગેરરીતિ કરીને લઈ લીધો હોવાના આ બંને ટ્રસ્ટીઓ પર આરોપ છે. આદર્શ બેંકના મુકેશ મોદીએ પણ લોકો સાથે છેતરપિંડી કરી છે. મહુડી સંઘના નામે લીધેલી જમીનો હજ સુધી ચોપડે લેવામાં આવી નથી. ૧૫ જેટલી મિલ્કતો આવેલી છે તે પણ ચોપડે લેવામાં આવી નથી.

વર્ષ ૨૦૧૨ થી ભુપેન્દ્ર વોરા અને મળતીયાઓ કૌભાંડ કર્યા છે, માણસા પોલીસમાં દસથી વધુ ફરિયાદો કરવામાં આવી છે. સંસ્થાના સામાન્ય સભામાં પાસ કરાવ્યા વગર બરોબર ઓડિટ કરવામાં આવ્યા નથી. વાહનો ખરીદવામાં આવે છે જેની કોઈ લોગબુક પણ રાખવામાં આવતી નથી. ચેરિટી કમિશનરની ગાઈડલાઈન મુજબ, મેનેજર રાખવાના હોય છે, પરંતુ રાજુભાઈને ૨૨૦૦૦ પગાર એ સીધી જ વ્યક્તિ રાખવામાં આવ્યો હતો. મહુડી ઘંટાકર્ણ મહાવીર મંદિરનાં વહીવટમાં ગેરરિતીનો કિસ્સો સામે આવ્યો છે. ૧૪ કરોડોથી વધારે અને ૧૩૦ કિલો સોનામાં ગેરરીતિ થઈ છે. નોટબંધી સમયે ૨૦% કમિશન પેટે કમિશન લઈ આર્થિક લાભ લઈ નાણાં બદલ્યાનો આક્ષેપ છે. મહુડી સંઘનાં ભૂપેન્દ્ર વોરા કમલેશ મહેતા પર આક્ષેપ મૂકાયો છે. મહુડી સંઘના નામે લીધેલી જમીનો હજ સુધી ચોપડે લેવામાં આવી નથી ૧૫ જેટલી મિલ્કતો આવેલી છે તે પણ ચોપડે લેવામાં આવી નથી. વર્ષ ૨૦૧૨ થી ભુપેન્દ્ર વોરા અને મળતીયાઓ કૌભાંડ કર્યા. માણસા પોલીસ સ્ટેશનમાં દસ થી વધુ ફરિયાદો કરવામાં આવી છે. સંસ્થાના સામાન્ય સભામાં પાસ કરાવ્યા વગર બરોબર ઓડિટ કરવામાં આવ્યા નથી. વાહનો ખરીદવામાં આવે છે જેની કોઈ લોગબુક પણ રાખવામાં આવતી નથી. ચેરિટી કમિશનરની ગાઈડલાઈન મુજબ મેનેજર રાખવાના હોય છે પરંતુ રાજુભાઈ ને ૨૨૦૦૦ પગાર એ સીધી જ વ્યક્તિ રાખવામાં આવે છે. મહુડીના દસ રૂમની અંદર ભુપેન્દ્ર વોરાના પરિવારના લોકો જ રહે છે, ખરીદી માટે કોઈ ટેન્ડર કરવામાં આવતા નથી સીધી ખરીદી કરવામાં આવે છે. ૧૪ કરોડ અને ૧૩૦ કિલો સોનાનું કૌભાંડ થયું છે.

મહુડીના દસ રૂમની અંદર ભુપેન્દ્ર વોરાના પરિવારના લોકો જ રહે છે, ખરીદી માટે કોઈ ટેન્ડર કરવામાં આવતા નથી સીધી ખરીદી કરવામાં આવે છે. ૨૦૧૨-૧૩ નાં હિસાબો જનરલમાં પાસ કરાવતા હતા, પરંતુ ૨૦૧૬ નોટબંધી પછી હિસાબ આપવાનું બંધ કરી દેવાયું છે. સમગ્ર કેસ મુદ્દે ચેરિટી કમિશ્નરમાં ફરિયાદ કરાઈ છે

# હીરના ધોરણ-૧૦ માં ૯૯.૭૦ પર્સન્ટાઈલ આવ્યાની ખુશી બે દિવસ પણ ન રહી, બ્રેઈન હેમરેજથી ઘેટિયા પરિવારે દીકરી ગુમાવી

રાજકોટ,તા.૧૭

સમાજમાં ઘણીવાર એવું જોવા મળે છે કે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈને માનવતાવાદી કાર્યને લોકો પ્રાધાન્ય આપતા હોય છે. આવો જ એક કિસ્સો રાજકોટમાં સામે આવ્યો. ૧૬ વર્ષની કુમારી હીર પ્રફુલભાઈ ઘેટીયા બ્રેઈન ડેડ થતા પરિવારે ભારે હૈયે દીકરીના દેહને પંચમહાભૂતમાં વિલીન થતા પહેલા અમુલ્ય ચક્ષુદાન અને દેહદાન થકી માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



૧૬ વર્ષની કુમારી હીર પ્રફુલભાઈ ઘેટીયાને એક મહિના પહેલા બ્રેઈન હેમરેજ થયું હતું અને તે માટે મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ તેની તબિયત સારી થતા હોસ્પીટલમાંથી રજા આપી તેમને ઘરે મોકલવામાં આવ્યા હતા. પરંતુ ઘરે ગયા પછી તેણે અચાનક શ્વાસ અને હૃદયની તકલીફ થતા તાત્કાલિક તેમને ફરી હોસ્પિટલે દાખલ કરવામાં આવી હતી. આઈસીયુમાં સારવાર દરમિયાન ડોક્ટર દ્વારા મગજના એમઆરઆઈ રિપોર્ટ કરાવતા માલુમ પડ્યું કે, હિરનું મગજ ૮૦ થી ૯૦ ટકા ભાગ કામ નહોતો કરતો આથી આઈસીયુમાં દાખલ કરી અને સઘન સારવાર આપવામાં આવી હતી.

# રામણકા ગામે છરીનો ઘા ઝીંકી વૃદ્ધનું આંતરડું બહાર કાઢી નાંખ્યું

ભાવનગરઃ ઉમરાળા તાલુકાના રામણકા ગામે પુત્ર અને ભત્રીજા સાથે ઝઘડો ન કરવાનું કહેતા વૃદ્ધને પેટના ભાગે છરીનો ઘા ઝીકી આંતરડું બહાર કાઢી નાંખી જીવલેણ ઈજા પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત વૃદ્ધના પુત્રને પણ ચાર શખ્સ માર મારી નાસી ગયા હતા. બનાવની મળતી વિગત અનુસાર ઉમરાળાના રામણકા ગામે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ હાલુભા ઉર્ફે મહેન્દ્રસિંહ મખુભા ગોહિલ ગઈકાલે બુધવારે સવારના સમયે ટ્રેક્ટરના ફાળવા બનાવવા ખોપાળા ગામે ગયા બાદ ત્યાંથી રામણકા આવી રહ્યા હતા. આ સમયે ઉજળવાવ સ્ટેશન (નવા રામણકા), જૂના રેલવે સ્ટેશનની સામે મુકેશભાઈ દવેની દુકાન પાસે પહોંચતા તેમના દિકરા શક્તિસિંહ અને ભત્રીજા હરપાલસિંહ સાથે જયુભા છનુભા ગોહિલ, સંજયસિંહ છનુભા ગોહીલ, શક્તિસિંહ જયુભા ગોહિલ અને પ્રવીણસિંહ ગંભીરસિંહ ગોહિલ (રહે, ચારેય રામણકા) નામના શખ્સો ઝઘડો કરતા હતા. જેથી વૃદ્ધે ચારેય શખ્સને માથાકૂટ કરવાની ના પાડતા સંજયસિંહ નામના શખ્સે ઉશ્કેરાઈ જઈ વૃદ્ધને લાફો ઝીકી દીધો હતો. જ્યારે તેમના દિકરાને શક્તિસિંહ જયુભા ગોહિલે માથાના ભાગે કડું તેમજ પ્રવીણસિંહે પીઠના ભાગે લાકડી મારી દીધા બાદ શક્તિસિંહ નામના શખ્સે તેની બાઈકમાંથી છરી કાઢી હાલુભા ઉર્ફે મહેન્દ્રસિંહને મારી નંખવાના ઈરાદે પેટના પડખાના ભાગે છરીનો ઘા ઝીકી આંતરડા બહાર કાઢી નાંખી જીવલેણ ઈજા પહોંચાડી શખ્સો નાસી ગયા હતા. ગંભીર ઈજા પામેલા વૃદ્ધને સારવાર માટે પ્રથમ ઉમરાળા બાદ ભાવનગરની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત હાલુભા ઉર્ફે મહેન્દ્રસિંહ ગોહિલે ઉમરાળા પોલીસમાં જયુભા ગોહિલ, સંજયસિંહ ગોહિલ, શક્તિસિંહ ગોહિલ અને પ્રવીણસિંહ ગોહિલ નામના શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૭, ૩૨૩, ૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મુંબઈની વાઈન શોપમાંથી દારૂ લઈને આવેલા શખ્સની ધરપકડ

ભાવનગરઃ મુંબઈની વાઈન શોપમાંથી વિદેશી દારૂ લઈને આવેલા ભાવનગરના એક શખ્સને નારી ગામ પાસેથી એલસીબીની ટીમે દબોચી લીધો હતો.બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર-અમદાવાદ હાઈવે પર નારી ગામ પાસે સતનામ પંજાબી ઢાબાની સામે જાહેર રોડ ઉપર એક શખ્સ વિલાયતી દારૂનો જથ્થો લઈને ઉભો હોવાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે મધરાત્રિના સમયે દરોડો પાડી રોહન ઉર્ફે રાહુલ વિજયભાઈ પરમાર (રહે, દીપક ચોક, આડોડિયાવાસ, મહાવીરનગર, રોહન પાન




પાસે) નામના શખ્સને ઝડપી લઈ તેની પાસે રહેલ નાના થેલા અને કીટમાં તલાશી લેતા અંદરથી વિદેશી દારૂના ૯૬ ચપટાં મળી આવ્યા હતા. જેથી એલસીબીની ટીમે મુદ્દામાલ કબજે કરી શખ્સની પૂછતાછ કરતા આ ઈંગ્લશી દારૂ મુંબઈમાં આવેલી વાઈન શોપમાંથી લાવ્યાની કબૂલાત આપી હતી. જેના આધારે એલસીબીએ શખ્સ સામે વરતેજ પોલીસમાં પ્રોહિ. એક્ટની કલમ ૬૫ (એ) (એ), ૧૧૬-બી મુજબ ગુનો દાખલ કરાવ્યો હતો.

# સંયુક્ત રાષ્ટ્રએ કર્નલ કાલેના મૃત્યુની તપાસ શરૂ કરી, મિશનમાં નિયુક્ત અધિકારીઓ સક્રિય થયા

વોશિંગ્ટન,તા.૨૭

રફાહમાં માર્યા ગયેલા કર્નલ વૈભવ અનિલ કાલેના મૃતદેહને ભારત પરત લાવવામાં ઈઝરાયેલ અને પશ્ચિમ કાંઠેના ભારતીય મિશન મદદ કરશે. આ જાણકારી વિદેશ મંત્રાલયે આપી છે. ગાઝાના રફાહમાં યુએન સિક્યુરિટી કોઓર્ડિનેશન ઓફિસર તરીકે કામ કરતા કાલે સોમવારે તેમના વાહન પર ઈઝરાયેલી હુમલામાં માર્યા ગયા હતા. સંયુક્ત રાષ્ટ્રે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે સંયુક્ત રાષ્ટ્ર , તેલ અવીવ અને રામલ્લાહમાં કાર્યરત ભારતના મિશન કર્નલ કાલેના મૃતદેહને ભારત પરત લાવવામાં મદદ કરશે. તેમજ ઘટનાની તપાસ માટે સક્રિય પ્રયાસો કરવામાં આવશે. આ અંગે મિશનમાં નિમાયેલા અધિકારીઓ સક્રિય બન્યા છે. નિવેદનમાં કર્નલ કાલેના અકાળ અવસાન પર શોક વ્યક્ત કરવામાં આવ્યો છે અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી છે. મુંબઈ નજીક થાણેમાં રહેતા કર્નલ કાલેનો પરિવાર આ અકસ્માતથી આઘાતમાં છે. નિવાસસ્થાને શાંતિનો માહોલ છે.

સ્વર્ગસ્થ કાલેના સંબંધી મુગ્ધા અશોક કાળેએ જણાવ્યું હતું કે, રફાહની ઘટના અમારા માટે મોટો આઘાત છે. અમે વૈભવના મૃત્યુના સમાચાર પર વિશ્વાસ કરતા નથી. અમારી પાસે સમગ્ર ઘટનાની માહિતી પણ નથી. વૈભવ હજુ પણ આપણા માટે જીવંત છે. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રએ તેના વાહન પર થયેલા હુમલાની તપાસ શરૂ કરી છે. આ વાહનમાં મુસાફરી કરી રહેલા કર્નલ કાલેનું મૃત્યુ થયું હતું અને જોર્ડન મૂળના તેમના સાથીદારને ઈજા થઈ હતી. ગાઝામાં યુએનના વિદેશી કાર્યકરનું આ પ્રથમ મૃત્યુ હતું.

કર્નલ કાલેના નિધન પર સંયુક્ત રાષ્ટ્રએ શોક વ્યક્ત કર્યો છે અને ભારતે ભૂતપૂર્વ સૈન્ય અધિકારીના મૃત્યુ પર દુખ વ્યક્ત કર્યું છે. નોંધનીય છે કે કાલેએ ૨૦૨૨માં આર્મીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી અને ત્રણ અઠવાડિયા પહેલા જ સંયુક્ત રાષ્ટ્રની સેવામાં જોડાયા હતા.

# દિલ્હીના મુખ્યમંત્રીના ખાનગી સચિવને રાષ્ટ્રીય મહિલા આયોગની નોટિસ

રાષ્ટ્રીય મહિલા આયોગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પૂર્વ અંગત સચિવ બિભવ કુમારને શુક્રવારે તેની સામે હાજર થવા જણાવ્યું છે. વાસ્તવમાં બિભવ કુમાર પર આમ આદમી પાર્ટી સાંસદ સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તનનો આરોપ છે.

બિભવ કુમારને શુક્રવારે એટલે કે ૧૭ મેના રોજ સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રીય મહિલા આયોગ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. મહિલા આયોગે માલીવાલની મીડિયા પોસ્ટ પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું જેમાં તેણે દાવો કર્યો હતો કે બિભવે મુખ્યમંત્રીના નિવાસસ્થાને તેની સાથે ગેરવર્તણૂક કરી હતી. મહિલા આયોગે આ આરોપો પર નોટિસ જારી કરી હતી.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળવા આવેલા દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ સ્વાતિ માલીવાલે પીસીઆર કોલ પર સીએમ આવાસની અંદર થયેલી ગેરવર્તણૂક વિશે માહિતી આપી હતી. કોલમાં સ્વાતિએ મુખ્યમંત્રીના ખાનગી સચિવ પર ગેરવર્તનનો આરોપ લગાવ્યો હતો. આ પછી તે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન પહોંચી અને પોલીસ અધિકારીઓને ઘટના વિશે મૌખિક માહિતી આપી. જો કે, તેણી લેખિત ફરિયાદ પછી આપીશ તેમ કહીને પોલીસ સ્ટેશનેથી પરત ફરી હતી.બીજી તરફ, રાષ્ટ્રીય મહિલા આયોગે પોલીસને નોટિસ જારી કરી છે અને ત્રણ દિવસમાં એક્શન ટેકન રિપોર્ટ માંગ્યો છે. જો કે આ મામલે આપ દ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.ઉત્તર જિલ્લા પોલીસના ડેપ્યુટી કમિશનર મનોજ કુમાર મીનાએ જણાવ્યુંહતુંકેસોમવારેસવારે ૯.૩૪ વાગ્યે સીએમ આવાસ પરથી પીસીઆર કોલ આવ્યો હતો. મહિલા ફોન કરનારેમુખ્યમંત્રી આવાસ પર તેની સાથેદુર્વ્યવહારનોઆરોપ લગાવ્યોહતો. બાદમાં સ્વાતિ માલીવાલ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન પહોંચી અને ઘટનાની જાણકારી આપી. જોકે, તેમણે લેખિત ફરિયાદ કરી ન હતી. ડેપ્યુટી કમિશનરે કહ્યું કે હાલમાં સ્વાતિ માલીવાલની લેખિત ફરિયાદની રાહ જોવાઈ રહી છે.

# કેનેડાના જંગલોમાં ભીષણ આગ લાગી, હજારો લોકો બેઘર, તેલનો ભંડાર ખતરામાં

ટોરેન્ટો,તા.૧૭

કેનેડાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, કેનેડાના જંગલોમાં હાલમાં ભીષણ આગ લાગી છે. આ આગથી લગભગ ૨૫ હજાર એકર વિસ્તારમાં તબાહી મચી ગઈ છે. આગને કાબુમાં લેવામાં વિસ્તારો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. હવે મોટી ટેન્શન એ છે કે આગ જે દિશામાં આગળ વધી રહી છે ત્યાં તેલનો ભંડાર છે. કેનેડામાં આ આગ હવે ફોર્ટ મેકમુરે તરફ આગળ વધી રહી છે.

વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, આગ ઝડપથી રહેણાંક વિસ્તારો અને તેલના ભંડાર તરફ આગળ વધી રહી છે. આગનું કારણ ગરમ પવન અને શુષ્ક હવામાન હોવાનું કહેવાય છે. ગાઢ જંગલોમાંથી ફાટી નીકળેલી આગ હવે પશ્ચિમ કેનેડાના ઓઈલ ટાઉન ફોર્ટ મેકમુરે સુધી પહોંચી છે. ખતરાને જોતા અહીંના ચાર વિસ્તારોમાંથી લગભગ ૬૦૦૦ લોકોને તેમના ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેલના ભંડાર પાસે આગ લાગવાને કારણે બુધવારે તેલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

આ તરફ આગ બાદ બુધવારે તેલના ભાવ વધવા લાગ્યા હતા. અહીં દરરોજ લગભગ ૧૦ લાખ બેરલ તેલનું ઉત્પાદન થાય છે. બ્રેન્ટ ક્રૂડ વાયદો ૩૪ સેન્ટ વધીને બેરલ દીઠ ૮૨.૭૧ થયો હતો. યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ ફ્યુચર ૩૮ સેન્ટ વધીને ઈ૭૮.૩૯ પ્રતિ બેરલ થઈ ગયું છે.

પ્રશાસનના જણાવ્યા અનુસાર આગ ફેલાઈ રહી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે, આગ એબાસન્ડ, હિલ, બીકન, પ્રેરી ક્રીક અને ગ્રેલિંગના ઉપનગરોમાં ફેલાઈ શકે છે. કારણ કે ગરમ હવાની ગતિ ઓછી નથી થઈ રહી

# અમદાવાદ મ્યુનિ.રોડ પ્રોજેક્ટ દ્વારા ચોવીસ કલાકમાં ત્રણ નવા રોડ બનાવવાના નામે લોકોને ગુમરાહ કરાયા

અમદાવાદ,ગુરુવાર,૧૬ મે,૨૦૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ દ્વારા ચોવીસ કલાકમાં ત્રણ નવા રોડ બનાવવાના નામે શહેરના લોકોને ગુમરાહ કરાયા છે. ત્રણ નવા રોડ બનાવવાની ગુલબાંગ મ્યુનિ.તંત્રે હાંકી હતી. પરંતુ આ ત્રણ રોડપહેલેથી ગ્રાઉટીંગ લેવલ સુધી તો તૈયાર જ હતા માત્ર હોટમીક્ષ મટીરીયલ પાથરી રોડ ઉપર સરફેસ કરાઈ હોવાનું મ્યુનિ.ના સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેકટ દ્વારા પંદરમેની રાત્રિના ૮ કલાકથી સોળ મેની રાત્રિના ૮ કલાક સુધીમાં ત્રણ ઝોનમાં રુપિયા ત્રણ કરોડના ખર્ચથી ત્રણ નવા રોડ બનાવવા જાહેરાત કરવામાં આવી હતી. દક્ષિણ ઝોનમાં આવેલા નારોલ ટન'ગથી સદાની ધાબા સુધી ૧૬૪૦ મીટર લંબાઈનો નવોરોડ, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં એરોઝ ફુટથી ફલોરેન્સ એટ-૯ સુધી ૧૦૦૦ મીટર લંબાઈનો નવો રોડ તથા ઉત્તર-પશ્ચિમ ઝોનમાં આર્યમન બંગ્લોઝથી હેબતપુર ગામ સુધી ૧૨૦૦ મીટર લંબાઈનો નવો રોડ સાત હજાર ટન હોટમીક્ષ મટીરીયલનો ઉપયોગ કરી બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.ચોવીસ કલાકમાં પાયાથી નવો રોડ બનાવવાનુ શકય થતુ નથી. આ પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેકટ વિભાગ દ્વારા કોન્ટ્રાકટર આર.કે.સી.ઈન્ફ્રાબિલ્ટ સાથે તેમના ઈજનેર સહિતના તથા મ્યુનિ.ના રોડ પ્રોજેકટ વિભાગના અધિકારીઓને સાથે રાખી ત્રણ નવા રોડ કેવી રીતે બની શકે?આ બાબતનો ઘટસ્ફોટ મ્યુનિ.ના જ સત્તાવારસૂત્રોએ નામ નહીં આપવાની સાથે કરતા કહયુ, આ ત્રણ રોડ અગાઉથી ગ્રાઉટીંગ લેવલે તો તૈયાર જ હતા.માત્ર તેની ઉપર હોટમીક્ષ મટીરીયલ પાથરી સરફેસ કરવાની કામગીરી કરાઈ હતી.વર્ષ-૨૦૧૯-૨૦માં અમદાવાદના તત્કાલિન મ્યુનિસિપલ કમિશનરે શહેરના તમામ સાત ઝોનમાં રોડ રીસરફેસ કરવા,રીગ્રેડ કરવાથી લઈ નવા બનાવવા સુધીની કામગીરી અંગે કોન્ટ્રાકટર આર.કે.સી.ઈન્ફ્રાબિલ્ટને રુપિયા ૫૪૩ કરોડનો કોન્ટ્રાકટ પાંચ વર્ષના સમય માટે આપવાનો નિર્ણય કર્યો હતો.

# કેનેડામાં ૨૦ વર્ષીય ભારતીય યુવાન જવેલરીની લૂંટના રવાડે ચડયોઃ પોલીસે કરી ધરપકડ

કેનેડા,તા.૧૭

કેનેડામાં મૂળ ભારતીય યુવાન કોઈ સારી નોકરી કરવાને બદલે એક ગેંગમાં જોડાઈને જવેલરીની લુંટ કરવા લાગ્યો છે. તાજેતરમાં અલગ અલગ મોલમાં બે જવેલરી સ્ટોરમાં લુંટ ચલાવ્યા પછી તેને પકડવામાં આવ્યો છે. આ પરથી અંદાજ આવી શકે કે કેનેડામાં કેટલાક ભારતીયોએ ગુનાખોરીનો રસ્તો પકડી લીધો છે.

તેઓ હેમર ગેંગ એટલે કે હથોડા ગેંગના સભ્ય છે અને મિસિસાગામાં બે મોલ લુંટયા છે તેવું પોલીસનું કહેવું છે. ગત તા.૯ મે ના દિવસે મિસિસાગામાં આ લોકો હથોડા લઈને એક મોલમાં ગયા અને કેટલાક ડિસલે કેસીસ તોડીને તેમાંથી જવેલરી કાઢી લીધી હતી. ત્યારપછી ફરાર થઈ ગયા અને વાહન પણ થોડા દિવસો અગાઉ ટોરંટોમાંથી ચોરવામાંથી આવ્યુ હતું.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 231**
વિષય. રાત પછી સવાર
શીર્ષક.રાતરાણી
લેખિકા/ કવિયત્રી. સુચી રાવલ
પ્રકાર.પદ્ય
શબ્દ ૧૩૫

રાત હો ભલે અંધારી
પણ પ્રભાત હજુ થવાનું બાકી છે
ટમટમતા તારા ને ચાંદા ખીલ્યા આકાશ મા જાણે મોગરા ના ફૂલ
પણ સોનેરી કિરણો નો સૂરજ ઉગવનો હજુ બાકી છે
નિરાંતે સૂતેલા એ પક્ષી નિજ નીડ મા
પણ સવારે નવા તણખલા વીણવા ના હજુ બાકી છે
વાગે છે ઘંટારવ રાતની આરતી નો દેવળ મા
પણ પ્રભાત ફેરી ના ભજન નો ગુંજારવ હજુ બાકી છે
રાત્રે સૂતેલા સપનાઓ રજાઈ મા મોજ થી
પણ એ સપના સાકાર કરવાની સવાર હજુ બાકી છે
કોણ કહ્યું રાત ગઈ વાત ગઈ
અરે હજુ તો નવી વાર્તાઓ માંડવાની મુલાકાતો બાકી છે
ભલે મહેકતી રાતરાણી આખી રાત પણ
પરોઢ ના વાયરા મા પર્ણો ને ઝુમવાનું બાકી છે
આમજ અંધકાર ઓઢેલા આ મનખા ને
ફરી ઝંઝોળી અજવાળા પાથરવા ના બાકી છે

**NOGSS NO 149**
વિષય સાંજ પછીની રાત
પ્રકાર પદ્ય, શબ્દો ૭૫
શીર્ષક : ક્યાં

આવે નહિ તારી યાદ એવી રાત ક્યાં ?
તુજ કહે પછી તારી વાત થાય ક્યાં?

છે મારા શ્વાસનો છેલ્લો નિસાસો,
મારા દિલના શ્વાસ ગણનારો જાય ક્યાં ?

એવી તો તાલાવેલી મળવાની લાગી છે,
તારી યાદમાં તો બસ ફિકર થાય ક્યાં ?

માન્યા છે તમને મેં દિલની નજીક જ્યારે,
એ પળ હતી જ્યારે એમનું થાય ક્યાં?

રૂઝેલા ઘાવ કુરેદવા કરતાં તો,
આ લાગણીના મલમ જાય ક્યાં?


પલ્લવી જોષી. સરિતા

**NOGSS No 209**
વિષય - રાત પછી દિવસ
પ્રકાર - પદ્ય
શિર્ષક- સ્વિકાર સર્વ
શબ્દો- ૯૪

કુદરતનો નિયમ છે અંહી,ન રહે સમય એક સરખો કંયાંય
ન ગભરાવું અંધારાથી,પાછળ ડોકાતું આવે અજવાળું
એકમેકનાં વિના બીજું રહે અધુરું,આ તો સિક્કાની છે બે બાજુ.
હોય એકલી રાત કે હોય એકલો દિવસ વિકાસ જીવનનો અટકી જાય
જો હશે જીવનમાં રાત ને દિવસ, ઘડતર તેનાથી જીવનનું થાય
જિંદગીનાં છે આ દ્વન્દો,હાર જીત,માન અપમાન,કરવો સ્વીકાર.
રાત પછી દિવસ આવે જીવનમાં,સમજાવે જીવનની રીત
ન ગભરાવું હોય રાત કે હોય દિવસ,રહેવું સ્વસ્થ,કરવો સ્વીકાર સર્વનો.
'સ્વધા' સમજી રહે પ્રસન્ન,રાત હોય કે દિવસ,સંજોગ ભલે બદલાય,રહેવું સદા નિજાનંદમાં.

# માત્ર હોશિયાર જ નહીં, ગરીબ અનાથ, દિવ્યાંગ અને સિંગલ વુમનના સંતાનોને પણ સ્કોલરશીપ આપવા ગણપત યુનિવર્સિટીનો નિર્ધાર !



પોતાના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શૈક્ષણિક સંસાધનો ધરાવતી "હાઈટેક" તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીએ હમણાં દ્ગછછઞ રેન્કિંગમાં "છ" પણ હાંસલ કરી પોતાની યશ કલગીમાં એક વધુ પીછું ઉમેર્યુ છે અને આ સિદ્ધિના કેન્દ્રમાં છે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કે જેમના માટે ગણપત યુનિવર્સિટીએ અનેકવિધ સ્કોલરશીપ આપવાનો નિર્ધાર કર્યો છે જેથી સમાજના નાનામાં નાના કે સાવ છેવાડાના વંચિત બાળકો પણ શ્રેષ્ઠ શિક્ષણ પામી શકે અને પોતાના જીવનને ઉત્તમ સુખાકારી આપી શકે અને નવા ભારતના નિર્માણમાં પણ પોતાનું મહત્તમ પ્રદાન કરી શકે !

ગણપત યુનિવર્સિટીમાં પોતાની કારકિર્દી અને પોતાનું ચારિત્ર ઘડી રહેલા વિદ્યાર્થીઓ માટે કરુણા અને સંવેદના જેવા મૂલ્યોને આત્મસાત કરવા એ પણ એક મહત્વનું ધ્યેય છે. ગણપત યુનિવર્સિટી આ માટે ખૂબ ધ્યાન અને કાળજી રાખે છે.
અને પોતે પણ વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં પ્રેમ, કરુણા અને સંવેદનાને અને કેન્દ્રમાં રાખે છે. આ વાતની પ્રતીતિ કરાવે છે ગણપત યુનિવર્સિટીની વિવિધ પ્રકારની સ્કોલરશીપ ની યોજનાઓ.

આ શિષ્યવૃત્તિઓમાં ખાસ છે તે એ છે કે માત્ર હોશિયાર જ નહીં ગરીબ, અનાથ, દિવ્યાંગ અને સિંગલ વુમનના સંતાનોને પણ સ્કોલરશી આપવા ગણપત યુનિવર્સિટી એ નિર્ધાર કર્યો છે !

- એ ઉપરાંત પણ અલબત્ત, અર્લીબર્ડ સ્કોલરશીપ, એલ્યુમની સ્કોલરશીપ, એમ્પ્લોયી સ્કોલરશીપ, રિસર્ચ સ્કોલરશીપ ફોર ગોલ્ડમેડાલિસ્ટ, ફર્સ્ટ રેન્ક હોલ્ડર સ્કોલરશીપ, પીએચડી સ્કોલરશીપ, કર્મચારીઓ દ્વારા દર વર્ષે અર્પણ થતો એક દિવસનો પગાર અને એમાં એટલી જ રકમ શ્રી ગણપતદાદા ઉમેરે પછી ભેગી થતી રકમના ફંડમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશીપ, સ્પોર્ટ્સમાં ઉત્તમ ખેલાડીઓ માટેની સ્કોલરશીપ, કુટુંબમાં કમાતા વ્યક્તિના અવસાન બાદ તેના સંતાનો માટેની સ્કોલરશીપ, યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ દ્વારા આપતા શ્રેષ્ઠ વિદ્યાર્થી માટેના એવોર્ડ દ્વારા સહાય, યુનિવર્સિટીના સેન્ટર ફોર એડવાન્સ રિસર્ચ ( ઝછઈજી )દ્વારા પણ રિસર્ચ સ્કોલર્સને રાષ્ટ્રીય કક્ષાના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનાર, ટ્રેનિંગ પ્રોગ્રામ, વર્કશોપ એટેન્ડ કરવા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
તો આ વર્ષથી ગણપત યુનિવર્સિટી દ્વારા રજુ થતાં " લિબરલ સ્ટડીઝ " નામના નવા અભ્યાસક્રમમાં દાખલ થનાર તમામ ૩૦ વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી સો ટકા માફ કરવામાં આવનાર છે !

આ સમગ્ર આયોજનમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ ( દાદા ) અને યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. શ્રી મહેન્દ્ર શર્માનું વિઝન તેમજ વિદ્યાર્થીઓ માટેની પ્રેમ અને કરુણાની લાગણી જોડાયેલી છે, એમની સંવેદના જોડાયેલી છે

# આહવા તળાવ કે ખુલ્લુ મેદાન

આહવા. ડાંગ જિલ્લાનાં વહીવટી મથક તરીકે કહેવાતું કહો કે ઓળખાતું નગરનાં પ્રવેશ દ્વાર પાસે આવેલ આહવા નું એકમાત્ર તળાવ (બંધારા) માંથી છેલ્લા ધણા વર્ષોથી તેણી સાફ-સફાઈ નહી થતાં આખા તળાવ પર લીલનું સામ્રાજય થઈ ગયું છે જે જોઈ નગરજનો માં નિરાશા વ્યાપી જાય છે આ તળાવની સાફ-સફાઈ તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરી હતી જે બાદ આ તળાવની સાફ-સફાઈ કરવામાં ડાંગ વહીવટીતંત્ર અને આહવા ગ્રામ પચાયત અસર્મથ રહયું છે ગ્રામ પચાયત દ્વારા અનેક વાર જળકુંભી હટાવવાનો પ્રયત્ન થયાં છે પરંતુ નામ માત્રનું કામ કરી ગ્રાન્ટ ખાઈ જતાં આખા તળાવ પર લીલ છવાયેલી છે નગરજનો નવરાશની પળો માં તળાવની




સુંદરતાં ને માણી શકતાં નથી તેમાં કપડા પણ ધોઈ શકતાં નથી જેને લઈ નગરજનો માં વહીવટીતંત્ર સામે ભારે નારાજગી જોવા મળે છે આહવા નું તળાવની ફરતે તારની કંપાઉન્ડ વોલ બનાવવામાં આવી છે તે તુટી ગઈ છે તળાવની ફરતે બાગ-બગીચો પણ બનાવવામાં આવ્યો છે તે બગીચાની દેખરેખ નહી કરવામાં આવતાં તે પણ બંજર બની ગયું છે ડાંગ જિલ્લા વહીવટીતંત્ર કે આહવા ગ્રામ પચાયત દ્વારા તળાવ માં જે માટીનું પુરાણ થાય છે તે માટીનાં ખોદકામ પણ કરવામાં આવતું નથી તળાવ મેદાન માં ફેરવાઈ ગયું છે

આહવાની સુંદરતા ધીમે-ધીમે ભુસાઈ રહી છે તેમ છતાં આહવાનાં શાસકો તથા જિલ્લા વીહવટીતંત્રને યોગ્ય કાર્યવાહી કરતું નથી ત્યારે આહવાનાં લોકો તળાવ સુંદરતા વધારવીની માંગણી કરી રહયાં છે

## ગઝલ: બાકી છે...

જીવન કે મોત વિષે ક્યાં, કશો કંઈ, અર્થ બાકી છે.
ઘણી વિતી, રહી થોડી, છતાં યે, મર્મ બાકી છે.

જમાનો કેટલો સારો, બધું સમજાવતો રે'છે!
દિવા જેવું બતાવે લો, કહો ક્યાં, શર્મ બાકી છે !

સદા તૂટ્યાં કરે છે આમ તો શ્રદ્ધાની દીવાલો.
સતત મંદિરની ભીંતો, કહે છે, ધર્મ બાકી છે.

ખુશી,શાંતિ અને પ્રીતિ, ત્રણેની છે અછત અત્રે,
મથે છે રોજ તો ઈન્સાન, પણ હાય,દર્દ બાકી છે.

જુએ છે કોક ઊંચેથી, હસી ખંધુ, કહી બંધુ,
ફળોની આશ શું રાખે, હજી તો, કર્મ બાકી છે.

-

દેવિકા ધ્રુવ હ્યુસ્ટન
**Devika Dhruva.**
**ddhruva1948@yahoo.com**
**http://devikadhruva.wrodpress.com**

# ડાંગ કલેકટરશ્રીનો વિદ્યાર્થી હિતલક્ષી અભિગમ

આહવા:
તાજેતરમાં જ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું ગત શૈક્ષણિક વર્ષનું પરિણામ જાહેર થવા પામ્યું છે. ત્યારે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવા માટે વિર્દ્યાર્થી/વિર્દ્યાથીનીઓ તથા તેમના વાલીઓ દ્વારા જુદા જુદા પ્રમાણપત્રો મેળવવા માટે, સંબંધિત કચેરીઓમાં આવતા જતા હોય છે.જાતિના દાખલા, આવકના દાખલા, તેમજ ડોમિસાઈલ સર્ટીફીકેટ માટે જિલ્લા/તાલુકાની સંબધિત કચેરી/વિભાગનો સંપર્ક કરવામાં આવતો હોય છે. જે સંદર્ભે સંબંધિત કચેરી/વિભાગના વડા/અધિકારીઓને ડાંગ કલેકટરશ્રી દ્વારા, આ કામગીરીની અગત્યતા જોતા, જે તે કચેરીએ વિર્દ્યાથીઓ/વિર્દ્યાથીનીઓ તથા તેઓના માતા-પિતાને અગવડતા ન પડે તે રીતે કાર્યવાહી કરવા, તેમજ જરૂર પડયેથી વધારાના સ્ટાફને ટેબલ કામગીરી સોંપવાની સૂચના આપવામાં આવી છે.

## સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ ભારતમાં શિક્ષણ લેવા આવતા થાય તેવું શિક્ષણનું સ્તર દેશમાં બને તે ઈચ્છનીય છેઃ રાજેશ જે ભાતેલિયા

સમગ્ર વિશ્વમાં તમામ પ્રકારનું શિક્ષણ ખૂબ સસ્તુ અને જીવનમાં ઉપયોગી બને તેવું અપાય તે ખૂબ જરૂરી છેઃ સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ ભારતમાં શિક્ષણ લેવા આવતા થાય તેવું શિક્ષણનું સ્તર દેશમાં બને તે ઈચ્છનીય છેઃ રાજેશ જે ભાતેલિયા

નેશનલ યુથ પ્રોજેક્ટ રાજકોટ યુનિટના પ્રમુખ રાજેશ જે ભાતેલીયાએ સમગ્ર દેશમાં સંપૂર્ણ સુવિધા ધરાવતી સરકારી શાળા, કોલેજ નિયમિત રીતે વધુમાં વધુ ખુલવી જોઈએ જેથી કરીને શિક્ષણ સસ્તું જીવનમાં ઉપયોગી બને તેવું મળતું રહે.

તેમજ સરકારી શાળા કોલેજોનો પ્રચાર પ્રસાર સતત થવો જોઈએ

જે સરકારી શાળા, કોલેજો સારું શિક્ષણ આપતી હોય તેના ટીચર, ઓફ પ્રોફેસર અને સ્ટાફનું સન્માન પણ નિયમિત રીતે થવું જોઈએ .

વિશ્વના તમામ દેશોના વિદ્યાર્થીઓ આપણા દેશમાં શિક્ષણ લેવા આવતા થાય તે પ્રકારનું શિક્ષણ સમગ્ર દેશમાં ઉપલબ્ધ બને તે ખૂબ જરૂરી છે

વહીવટી ખર્ચ ઘટાડવા તમામ શાળા કોલેજો ઉપર સોલાર રૂફટોપ લગાડવા જોઈએ.

સમગ્ર વિશ્વમાં તમામ પ્રકારનું શિક્ષણ ખૂબ જ સસ્તું, જીવનમાં ઉપયોગી બને તેવું અને વિદ્યાર્થીને સર્વગુણ સંપન્ન બનાવે તેવું અપાય તે જરૂરી છે .

સમગ્ર વિશ્વમાં તમામ પ્રકારના શિક્ષણમાં માનવતા, સાદગી ,સારા સંસ્કાર, નિસ્વાર્થ સેવા, યોગ , ધ્યાન અને સારું વાંચન અને લેખનને મહત્વ મળે તે ઈચ્છનીય છે.

સાથે તમામ જાતના વ્યસનથી થતા નુકસાન અંગે પણ વિદ્યાર્થીઓને સમગ્ર વિશ્વ વાકેફ કરતું રહે.

સાથે સમગ્ર વિશ્વમાં વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં સવાર અને સાંજ લીલોતરી શાક વાળું ભોજન એટલે કે આરોગ્યપ્રદ ભોજન અને આરોગ્ય પ્રદ નાસ્તો અપાતો રહે તે પણ જરૂરી છે. જ્યાં જગ્યા હોય ત્યાં ઓર્ગેનિક રીતે શાકભાજી ,અનાજ અને ફળ ઉગાડી અને તેનો ઉપયોગ હોસ્ટેલમાં થવો જોઈએ.માત્ર સજેશન ફરિયાદ નથી

રાજેશ જે ભાતેલિયા પ્રમુખ નેશનલ યુથ પ્રોજેક્ટ રાજકોટ યુનિટ રાજકોટ

# ડોર ટુ ડોર સંપર્ક અભિયાન અંતર્ગત બુથ નં. ૩૦ અને ૩૧મીએ ભાજપ માટે પ્રચાર કર્યો



લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને ભાજપ મોડલ ટાઉન મંડળના પ્રમુખ વિરેન્દ્ર તનેજા અને ભાજપના યુવા નેતા રાહુલ વિજ સાથે મોડલ ટાઉન વિસ્તાર અને વીવર્સ કોલોનીના બૂથ નં. ૩૦મી અને ૩૧મીએ તેમણે ઘરે-ઘરે જઈને મતદારોનો સંપર્ક કરી ભાજપનો પ્રચાર કર્યો હતો અને ૨૫મીએ ભાજપના કમળના ચિહ્ન પર મતદાન કરીને ઉમેદવાર મનોહર લાલની જીત સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે કરનાલ લોકસભા ચૂંટણીના મીડિયા કો-ઓર્ડિનેટર ઈશ કુમાર રાણા, વિનીત કુમાર, સુરેન્દ્ર ગાબા, અમિત શર્મા, શક્તિ કેન્દ્રના વડા સુશીલ શર્મા, મનોજ પરાશર અને દયાનંદ ઠુંગરે પણ ઘરે-ઘરે જઈને લોકોનો સંપર્ક કર્યો હતો. આ પ્રસંગે ભાજપના નેતા રાહુલ વિજે જણાવ્યું હતું કે, ભારત વિશ્વનું સૌથી યુવા રાષ્ટ્ર છે એટલું જ નહીં, આટલી મોટી યુવા વસ્તીને રોજગારી આપવી એ એક પડકારજનક કાર્ય છે યુવાનોને તક, જો હા તો ફરી એકવાર કેન્દ્રમાં મોદી સરકાર લાવવી પડશે.તેમણે કહ્યું કે, જો કે ભારતમાં વધતી જતી વસ્તી અનુસાર રોજગારીનું સર્જન કરવું હંમેશા એક પડકારજનક કાર્ય રહ્યું છે, પરંતુ છેલ્લા ૧૦ વર્ષો દરમિયાન મોદી સરકારે દેશમાં રોજગાર સર્જનના ક્ષેત્રમાં નવી ગતિ લાવી છે. સેન્ટ્રલ સ્ટાફ સિલેકશન કમિશને ૫ લાખથી વધુ યુવાનોની ભરતી કરી છે જ્યારે અગાઉ ક્યારેય આટલી નિમણૂકો સમાન સમયગાળામાં કરવામાં આવી ન હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારની ૧૦ લાખ નોકરીઓ ભરવાનો લક્ષ્યાંક રાખ્યો છે, પરંતુ સરકારી નોકરીઓમાં માત્ર પ્રશિક્ષિત યુવાનોને જ પ્રાધાન્ય આપવામાં આવે છે, તેથી તમામ શિક્ષિત યુવાનોએ તેમની રુચિ મુજબ તાલીમ લેવી જોઈએ અને કોઈપણ ખર્ચ વિના સરકારી નોકરી મેળવવી જોઈએ તકોનો લાભ.તેમણે કહ્યું કે સ્વસ્થ, શિક્ષિત અને વિકસિત ભારત માટે નિર્ધારિત લક્ષ્યાંકને પહોંચી વળવા માટ?

# સ્માર્ટ મીટર સામે સ્વયંભૂ આક્રોશ, સમા વિસ્તારમાં વીજ કચેરી પર હલ્લા બોલ

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટર સામેના સ્વયંભૂ વિરોધની આગ અલગ અલગ વિસ્તારોમાં ઝડપભેર પ્રસરી રહી છે. આજે સમા વિસ્તારના રહેવાસીઓનો મોરચો સ્માર્ટ મીટરના વિરોધમાં જીઈબીની સમા વિસ્તારની કચેરી ખાતે પહોંચ્યો હતો. લોકોએ જીઈબીની કચેરી માથે લીધી હતી અને ભારે હોબાળો મચાવીને રામધૂન બોલાવી હતી તેમજ એમજીવીસીએલ તથા સરકારના હાય...હાયના નારા બોલાવ્યા હતા.આ ટોળામાં સેંકડો મહિલાઓ પણ સામેલ હતી અને આ પૈકીના એક વૃધ્ધ મહિલા તો રજૂઆત કરતા કરતા રડી પડયા હતા.તેમણે કહ્યુ હતુ કે, હું તો ભાડે રહું છુ અને મારા ઘરની મહિનાની આવક ૧૦૦૦૦ રૂપિયા પણ માંડ છે. મારી ઘરે જ્યારે સ્માર્ટ મીટર લગાવવા માટે આવ્યા ત્યારે મેં તેમને કહ્યું હતું કે, હું તો ભાડે રહું છું અને મારે તમારૂ સ્માર્ટ મીટર નથી જોઈતુ ત્યારે તેમણે મને કહ્યું હતું કે, જો નવુ મીટર નહીં લગાવવા દો તો અમે તમારૂ જૂનુ મીટર લઈ જઈશું અને તમારે ફરી મીટર જોઈતુ હશે તો ૫૦૦૦ રૂપિયા દંડ ભરવો પડશે. તેમણે મકાન માલિકને ફોન કરીને બોલાવ્યા હતા અને સ્માર્ટ મીટર લગાવી દીધું હતું. તે વખતે ખબર નહોતી કે આવા ભવાડા આ લોકો કરવાના છે...મહિલાએ રડતા રડતા કહ્યું હતુ કે, પહેલા તો બિલ ભરવા માટે સમય પણ મળતો હતો અને હવે તો તરત જ પૈસા આપવાના હોય છો તો પૈસા ક્યાંથી કાઢવાના ..ગરીબ માણસો બોલી પણ નથી શકતા..ખાવા માટે પૈસા રાખીએ કે નહીં..મોદીને બટાકાનો ભાવ પણ ખબર છે ખરો...બધાને પોતાના ખિસ્સા ભરવા છે..ગરીબ માણસ કેવી રીતે જીવી છે તેની ખબર છે ખરી? ગરીબ માણસોના મત પર મોદી જીત્યા છે..

**- ૩ દિવસમાં તમારા મીટરો કાઢી જાવ**

ટોળામાં હાજર ઘણા લોકોએ પોતાનુ બિલ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ વધારે આવ્યુ હોવાની ફરિયાદો કરી હતી. લોકોએ વીજ કચેરીમાં ડેપ્યુટી એન્જિનિયરને કહ્યું હતું કે, ત્રણ દિવસમાં તમારા સ્માર્ટ મીટરો કાઢીને જૂના નાંખી જાવ, નહીંતર અમે ફરી આંદોલન કરીશું.

**- ૨૯ એપ્રિલે સ્માર્ટ મીટર લાગ્યા બાદ ૧૩૦૦ બિલ આવી ગયુ છે**

અન્ય એક રહેવાસીએ કહ્યું હતું કે, મારૂ બે મહિનાનુ બિલ ૧૨૭૪ રૂપિયા આવ્યુ હતુ. ૨૯ એપ્રિલે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ અત્યાર સુધીનું બિલ ૧૩૦૦ રૂપિયા આવી ગયુ છે. મારૂ કનેક્શન કપાયુ તો મારે ફરી



રિચાર્જ કરવું પડયું છે.

**- ૩૫૦૦ રૂપિયા જમા હતા, જોત જોતામાં ૨૭૦૦ કપાઈ ગયા**

એક મહિલાએ કહ્યું હતું કે, મારા ૩૫૦૦ રૂપિયા જમા બોલતા હતા. સ્માર્ટ મીટર લગાવ્યા બાદ જોત જોતામાં ૨૭૦૦ રૂપિયા કપાઈ ગયા હતા. અમને કશી ખબર પડતી નથી. અમારી પાસે તો સ્માર્ટ ફોન પણ નથી.

**- બે મહિનાનુ બિલ ૨૫૦૦ આવતું હતું અને ૨૦ દિવસમાં જ ૨૨૦૦ કપાઈ ગયા**

અન્ય એક રહેવાસીએ જણાવ્યું હતું કે, મારૂ બે મહિનાનુ બિલ ૨૫૦૦ રૂપિયા જેટલુ આવતું હતું અને સ્માર્ટ મીટર લાગી ગયા બાદ ૨૦ દિવસમાં જ ૨૨૦૦ રૂપિયા કપાઈ ગયા છે..આવુ કેવી રીતે શક્ય બને તે સમજાતુ નથી..

**- કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને ઘરે બેસાડીશું**

એક સ્થાનિક આગેવાને આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, ગરીબ અને મિડલ ક્લાસને સ્માર્ટ મીટરની કોઈ જાણકારી નથી..સ્માર્ટ મીટર લગાવવા હોય તો ઉદ્યોગપતિઓના ઘરે લગાવો...સરકાર જો વીજ મીટરો લગાવવા માટે બળજબરી કરશે તો અમે ગાંધીનગર સુધી પણ આંદોલન કરીશું, જનતા આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને ઘરે બેસાડશે.

**- લોકો અરજી આપે, અમે સંતોષકારક કાર્યવાહી કરીશું**

દરમિયાન વીજ કંપનીના અધિકારીએ પણ સ્વીકાર્યુ હતું કે, લોકોમાં સ્માર્ટ મીટર લગાવતા પહેલા બહોળો પ્રચાર કરવાની જરૂર છે અને અમે લોકોને કહ્યું છે કે, તમને કોઈ સમસ્યા હોય તો અરજી આપો. અમે લોકોના ઘરે ચેક મીટર બેસાડવા માટે તૈયાર છે અને તેમને વીજ બિલની ગણતરી સમજાવવા માટે પણ તૈયાર છે. સ્માર્ટ મીટરો પાછા લેવાની લોકોની જે લાગણી છે તે હું ઉપરી અધિકારીઓ સુધી પહોંચાડીશ.

# તાપી નદીમાં જળકુંભીનો જથ્થો વધતાં સ્વિમિંગની તાલીમ લેતા ફાયર વિભાગના જવાનો માટે આફતરૂપ

સુરત પાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓને સ્વીમીંગ તથા પાણીમાં ડૂબતા લોકોને બચાવવા માટે તાલીમ આપવા કોઝવેનો ઉપયોગ થાય છે. છેલ્લા કેટલાક દિવસથી સુરત પાલિકાના ફાયર વિભાગના સ્ટાફ કોઝવે ખાતે તાલીમ માટે આવે છે પરંતુ આ જગ્યાએ ભેગી થયેલી જળકુંભી વિલન બની રહી છે. આ પહેલા પાલિકાના ઈન્ટેક વેલ માટે આફતરૂપ બનતી જળકુંભી સ્વીગ પ્રેક્ટીસ માટે પણ આફતરૂપ બની રહી છે. તાપી નદીના કોઝવે પાસે જમા થયેલી જળકુંભીના કારણે ભારે દુર્ગંધ આવી રહી છે તેવી સ્થિતિમાં આ જળકુંભી વચ્ચે સુરત પાલિકાના ફાયર જવાનો સ્વીમીંગ સહિતની તાલીમ લેવા માટે મજબૂર બન્યા છે.સુરતમાંથી પસાર થતી તાપી નદી સુરતીઓ માટે જીવાદોરી બની ગઈ છે. સુરતના ૭૦ લાખ લોકો માટે પાલિકા તાપી નદીમાંથી રો-વોટર લઈને તેને ટ્રીટ કરીને લોકોના ઘર સુધી પહોંચાડે છે. પરંતુ આ તાપી નદીમાં જળકુંભીની સમસ્યા હોવાથી પાણીની ગુણવત્તાને બગાડી રહી છે. તો બીજી તરફ આ જળકુંભીના કારણે અનેક વખત પાલિકાના ઈન્ટેક વેલ પર પણ માઠી અસર થાય છે. હાલ આકાશમાંથી આકરી ગરમી પડી રહી છે ત્યારે કોઝવે પાસે ભેગી થયેલી જળકુંભી વોટર વર્કસ કે ઈન્ટેક વેલ માટે નહી પરંતુ પાલિકાના ફાયર જવાનોની પ્રેક્ટિસ કે તાલીમ માટે વિલન બની રહી છે. સુરત પાલિકાના ફાયરના જવાનોને પાણીની કામગીરી માટેની તમામ પ્રકારની તાલીમ કોઝવે પર આપવામા આવે છે. પરંતુ હાલમાં કોઝવે પાસે જળકુંભીનો જથ્થો જમા થયો છે અને પાલિકા તંત્ર દ્વારા આ જથ્થો દુર કરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી. જેના કારણે ફાયરના જવાનોને જળકુંભી વચ્ચે તાલીમ આપવામાં આવી રહી છે જે જોખમી પણ છે. જળકુંભીનો જથ્થો હોય અને તેમાં કોઈ ફસાય તો જાનહાની પણ થઈ શકે છે.

# રવિવારે સે.૧૧માં અખબાર ભવન ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન




ગાંધીનગર તા.૧૬

અત્યારે ઉનાળાની આકરી ગરમીના દિવસો ચલી રહ્યાં છે, આ સ્થિતિમાં રક્તદાનની પ્રવૃત્તિમાં ઓટ આવવાને કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્ત પુરવઠાની ખેંચ વર્તાઈ રહી છે. આ બાબતને અનુલક્ષીને "હેપ્પી યુથ ક્લબ" દ્વારા બેંક ઓફ ઈન્ડિયાની ઝોનલ કચેરીના સહયોગથી તા.૧૯મી મે, ૨૦૨૪ રવિવારના રોજ સવારે ૮.૩૦ થી બપોરના ૧૨ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૧માં સેક્ટર-૧૧માં બીએસએનએલ નજીક સ્થિત અખબાર ભવનના કમિટી રૂમ ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ દિવસે શહેરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબનો નવમો સ્થાપના દિન છે.આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતેથી બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે. આ "હેપ્પી રક્તદાન શિબિર"માં એકત્રિત રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. માનવસેવાના આ કાર્યમાં મોટી સંખ્યામાં સામેલ થવા શહેરના રક્તદાતાઓ, યુવાનોને હેપ્પી યુથ ક્લબસહિતસહઆયોજકોદ્વારાજાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ભુજ બસ પોર્ટ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા માથાના દુ:ખાવાસમાન

ભુજઃ કચ્છના પાટનગર ભુજમાં આઈકોનીક બસપોર્ટનું નિર્માણ કરાયા બાદ લોકાર્પણ કરવામાં આવ્યું છે. બસપોર્ટના લોકાર્પણ સમયે બસપોર્ટ વિસ્તારમાં શાકભાજીના કાછીયાઓ, કેબીનો વિગેરેને હટાવવામાં આવ્યા હતા.પરંતુ આરંભે શુરા જેવી કામગીરી થઈ અત્યારે આ વિસ્તારમાં અવાર-નવાર ટ્રાફીક જામ થતો હોય છે.

કચ્છના પાટનગર ભુજના આઈકોનીક બસપોર્ટમાં બસોના આવાગમનમાં ટ્રાફિકની સમસ્યા ઉભી ન થાય તે માટે આખા રોડ પર થી લારી ધારકો, કેબીનો તેમજ શાકભાજીના કાછીયાઓ ફેરીયાઓને હટાવવામાં આવ્યા હતા. તે સિવાય દુકાનોની આગળ લગાવવામાં આવેલા છાપરા, પતરાના શેડ પણ ઉતારી લેવામાં આવ્યા હતા. જેના કારણે રસ્તો પણ મોટો લાગતો હતો. ભુજ શહેરના



લોકો પણ પહોળો રસ્તો જોઈ અચંભીત થયા હતા. ટ્રાફિકમાં નડતરરૂપ લારીઓ અને ફેરીયાઓને હટાવી લીધા બાદ આ વિસ્તારમાં ફરીથી દબાણો ન થાય તે માટે હોમગાર્ડ, ટીઆરબીના જવાનો અને પોલિસ કર્મીઓને ફરજ પણ સોંપવામાં આવી હતી.

ભુજ બસપોર્ટ વિસ્તારમાં હાલે જૈસે થે તેવી પરિસ્થિતી ઉભી થઈ છે. ખુલ્લા અને પહોળા રોડ પર નાના મોટા વાહન ચાલકો દ્વારા આડેધડ કરવામાં આવતી પાર્કિંગના કારણે બસ ચાલકો બસપોર્ટમાં ગાડી અંદર લઈ જવા કે બહાર કાઢવા સમયે સમસ્યા ઉભી થાય છે. જેના કારણે ક્યારેક ક્યારેક પાંચેક મિનીટ સુધી ટ્રાફિક જામ થતો હોય છે. તે સિવાય રખડતા ઢોરો પણ આ વિસ્તારમાં ખુલ્લેઆમ ફરતા હોય છે. જે મોટી બસોને જોઈ ભડકે છે અને દોડાદોડ કરતા હોય છે જેના કારણે નાના વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ જતા હોય છે.

શહેરની ટ્રાફિક પોલિસ દ્વારા પણ આરંભે શુરા જેવી કામગીરી કરી હતી. હાલે જૈસે થે તેવી પરિસ્થીતીનું નિર્માણ થયું છે. બસપોર્ટના લોકાર્પણ સમયે આ વિસ્તારમાં આડેધડ વાહન પાર્કિંગ થતું ન હતું. પરંતુ હવે આડેધડ પાર્કિંગ થઈ રહ્યું છે. બીજીબાજુ નગરપાલિકા દ્વારા પણ રખડતા ઢોરો પકડવામાં નિષ્ક્રિય છે. પરિસ્થિતીને થાળે પાડવા માટે ભુજ સુધરાઈ તેમજ ટ્રાફિક પોલિસ તંત્ર સંકલન સાધે તો યોગ્ય નિરાકરણ થાય તેમ છે. બાકી તો તેરી ભી ચુપ અને મેરી ભી ચુપ જેવી નિતીના કારણે ભુજના નાગરીકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

# સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૭૪૦૦૦ની સપાટીને પાર: શેરબજાર આવતીકાલે બે સેશનમાં ચાલે

મુંબઈ,તા.૧૭

શેરબજારમાં તેજીનો નવો દોર હોય તેમ આજે પણ ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૭૪૦૦૦ની સપાટીને પાર કરીને પાછો ફર્યો હતો. શેરબજારની આજે શરૂઆત તેજીના ટોને થઈ હતી વિશ્વબજારમાં ઉછાળો હોવાથી સંગીન પડઘો પડ્યો હતો. ખાસ કરીને અમેરિકામાં ડાઉજોન્સ ઈતિહાસમાં પ્રથમ વખત ૪૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો હોવાથી સારી અસર થઇ હતી.

અમેરિકામાં મોંઘવારી હળવી થતાં આવતા સમયમાં વ્યાજદર ઘટવાનું શરુ થવાના સંકેતોથી જોરદાર તેજી થઇ હતી. જો કે ડાઉજોન્સ ૪૦૦૦૦ ક્રોસ કરી ગયા બાદ પાછો પડ્યો હતો અને મામુલી ઘટાડો સુચવતો હતો જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી ધીમી પડતા અને સ્વદેશી ફંડો જંગી રોકાણ ઠાલવતા હોવાથી માર્કેટમાં દબાણ વર્તાતું નથી.

સારી અસર પડી રહી છે ચૂંટણીમાં મોદી સરકારની જીત થવાનો આશાવાદ પણ દ્રઢ બનતો હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે.

# ખંભાતના પાંચથી વધુ ગામોમાં પીવાના પાણીની સમસ્યા વકરી



આણંદઃ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આણંદ જિલ્લાના ભાલ પંથકના છેવાડાના ગામોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ હોવાની ફરિયાદો ઉઠી છે. ખંભાત તાલુકાના છેવાડાના ગામોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાતા ગ્રામજનોને પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે.ખંભાત તાલુકાના દરિયાકાંઠાના છેવાડાના વૈણજ, તડાતળાવ, તરકપુર, પાંદડ, નવાગામ બારા સહિતના કેટલાક ગામોમાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામજનોને પીવાનું યોગ્ય પાણી ન મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. છેવાડાના ગામોમાં કનેવાલ પાણી-પુરવઠા યોજનામાંથી ગામના સંપ સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યું હોવાના તંત્ર દાવા કરી રહ્યું છે. પરંતુ નિયમિત અને પુરતું પાણી ન મળતું હોવાના આક્ષેપો ગ્રામજનોમાંથી ઉઠયા છે.

અવાર-નવાર તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં પરિણામ શુન્ય રહેવા પામ્યું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ખૂબ ઓછા પ્રમાણમાં ગામની પાદરે આવેલ સંપમાંથી પાણી મળતા પાણી ખેંચવા માટે મહિલાઓની ભારે ભીડ જામતી જોવા મળી રહી છે. ઉપરાંત તડાતળાવ, તરકપુર તથા નવાગામમાં નળમાં પીવાનું પાણી પણ પુરતા પ્રમાણમાં ન આવતુ હોવાના કારણે મહિલાઓને પીવાના પાણી માટે દુર-દુર સુધી ભટકવું પડે છે.ખંભાતના તડાતળાવ ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ, રાત્રિના સુમારે પાણી-પુરવઠો આપવામાં આવે છે. જેથી મહિલાઓને પાણી ભરવા માટે રાત્રિના ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. તો બીજી તરફ વૈણજ ગામમાં પણ પાણીની વિકટ સમસ્યાને લઈ મહિલાઓ હેરાન-પરેશાન હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે પાણી-પુરવઠા બોર્ડ કચેરી સૂત્રોએ જણાવ્યું હતું કે, ખંભાતના છેવાડાના ગામોમાં ૨૪ કલાક પાણી-પુરવઠો છોડવામાં આવે છે પરંતુ દરેક ગામોમાં વહેંચાતુ પાણી જતું હોવાથી કેટલાક ગામોને દિવસે તો કેટલાક ગામોને રાત્રિના સુમારે પાણી મળે છે. હાલની ઉનાળાની ઋતુમાં પાણીનો વપરાશ વધુ રહેતો હોવાથી કેટલાક લોકો મોટર મુકીને પાણી ખેંચી લેતા હોવાથી આગળના વિસ્તારોમાં પાણી પહોંચતુ ન હોવાની બુમ ઉઠે છે.

# શક્તિસિંહ શનિવાર રાજકોટમાં, રવિવારે લોકસભાના મતદાનનું પોસ્ટમોર્ટમ

રાજકોટ,તા.૧૭

રાજકોટ સહિત ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને કોણ જીતશે? કોણ હારશે?ના ગણિત મંડાઇ રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આવતીકાલે સાંજથી બે દિવસ રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ શક્તિસિંહ ગોહિલ આવીતાકાલે શનિવારે સાંજે ૬:૩૦ વાગ્યે દિલ્હીથી રાજકોટ આવી પહોંચશે અને એરપોર્ટથી વિશાલ લલિતભાઇ કગથરાની પુણ્યતિથિ નિમિતે યોજાયેલ કાર્યક્રમમાં પડધરી નજીકના દેપાળીયા ગામે હાજરી આપશે.

જ્યારે રવિવારે સવારે ૧૧ વાગ્યા નાગર બોર્ડિંગ ખાતે રાજકોટ શહેર તથા જિલ્લા કોંગ્રેસ પરિવારના કાર્યકરો સાથે સંવાદ બેઠક યોજાનાર છે. ત્યારબાદ બપોરે ૧થી સાંજે પાંચ વાગ્યા સુધી શક્તિસિંહ ગોહિલ પૂર્વનિર્ધરિત મુલાકાતો કરનાર છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.